

બીગ-બી ગાંધીનગરમાં - ભારતીય ફિલ્મ ઉદ્યોગના લોકપ્રિય અભિનેતા અમિતાભ બચ્ચન બુધવારની સાંજે મુખ્યમંત્રીની મુલાકાત માટે ગાંધીનગર પહોંચ્યા હતા. આજકાલ ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં 'પીકુ' ફિલ્મના શુટીંગ માટે વ્યસ્ત રહે છે. અમિતાભ બચ્ચને મુખ્યમંત્રી આનંદીબેન સાથે શુભેચ્છાની આપ-લે કરી રાજ્યના પ્રવાસન વિકાસના સંદર્ભે તથા ફિલ્મ ઉદ્યોગ નિતી અંગે ઔપચારિક ચર્ચાઓ કરી હતી.

# શહેરના માર્ગોને વાયબ્રન્ટ લૂક

## રોડ નેટવર્કને વાઈબ્રન્ટ લૂક અપાશે ઓટોમેટીક મશીનથી થર્મોપ્લાસ્ટના પટ્ટા : શહેરમાં પ્રથમવાર 'ગ' માર્ગ પર ઓટોમેટીક મશીનથી સફેદ પટ્ટા ચિતરવામાં આવી રહ્યા છે

ગાંધીનગર, તા.૩

શહેરમાં વાઈબ્રન્ટને અનુલક્ષી હાલ બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. રોડ નેટવર્કને ચકાચક બનાવવા ઉપરાંત રોડ ફર્નિચરનું કામ પણ શરુ કરી દેવાયું છે. શહેરમાં પ્રથમવાર ઓટોમેટીક મશીનથી માર્ગ પર થર્મોપ્લાસ્ટના પટ્ટા ચિતરવામાં આવી રહ્યા છે. આજે તંત્ર દ્વારા 'ગ' માર્ગ પર પટ્ટા કરવામાં આવ્યા હતા.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને સ્વચ્છ, સુંદર અને દબાણમુકત બનાવવા તંત્રની ટીમ કામે લાગી છે. દબાણ દૂર કરવા ઉપરાંત ઠેર ઠેર સફાઈ કામગીરી પણ ચાલી રહી છે. આ ઉપરાંત નગરના ખરબચડા માર્ગોનું પણ નવીનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. માર્ગ સુધારણા અને સફાઈ ઉપરાંત બ્યુટીફીકેશનના વિવિધ કામો તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે નગરના વિવિધ માર્ગોના સેન્ટ્રલ વર્જમાં કલર ઉપરાંત માર્ગો પર કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવામાં આવી રહ્યા છે. શહેરમાં સૌ પ્રથમવાર ઓટોમેટીક મશીનથી માર્ગો પર થર્મોપ્લાસ્ટના સફેદ પટ્ટા થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ મશીનથી પટ્ટા કરવામાં આવતા હોવાથી થીકનેસ પણ જળવાઈ રહેશે જયારે માર્ગ સલામતીની દ્દષ્ટિએ પણ ગુણવત્તાયુકત કામગીરી થઈ શકશે. આજે શહેરના 'ગ' માર્ગ પર ઓટોમેટીક મશીનના આધારે થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવાનું કામ શરુ કરવામાં આવ્યું હતું.



(તસવીર : ધનંજય જોષી)

# બાયોટેકનોલોજી થકી માનવજીવન સમૃદ્ધિ અન્વયે ૬ઠ્ઠીએ કાર્યક્રમ

## મહાત્મા મંદિરમાં યોજનારી ઈવેન્ટમાં દેશ-વિદેશના વિષય નિષ્ણાંતો અને ૧૦૦ થી વધુ કંપનીઓ ભાગ લેશે : ૪૦૦ થી વધુ મૂડી રોકાણકારો હાજરી આપશે

ગાંધીનગર, તા. ૩

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે બાયોટેકનોલોજી મિશન તેમજ એસોસિએશન ઓફ બાયોટેકનોલોજી દ્વારા આગામી તા. ૬ ડિસેમ્બરના રોજ મહાત્મા મંદિર ખાતે બાયોટેકનોલોજી થકી માનવ જીવનની સમૃદ્ધિ અંગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.



બાયો ઈનવેસ્ટ ઈન ગુજરાત બાયોટેકનોલોજી થકી માનવજીવન સમૃદ્ધિના આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી ગોવિંદભાઈ પટેલ કરશે. આ કાર્યક્રમમાં યુ.કે., જાપાન, ફિનલેન્ડ સહીતના દેશોમાંથી નિષ્ણાંતો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત બાયોટેકનોલોજી વિભાગના સંયુક્ત સચિવ એસ. રાઘવન, પદ્મશ્રી ડૉ. આનંદ ચક્રવર્તી, ડૉ. એમ. કે. મિત્તલ તેમજ ડૉ. કે.સી. બંસલ હાજરી આપશે. આ એક દિવસીય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં નાણાબજાર, ખાનગીક્ષેત્ર, વેન્ચર ફંડ, બેંક રોકાણકારો, સહીત વિવિધ બાયોટેકનોલોજી કંપનીના પ્રતિનિધિઓ હાજરી આપશે. આ દરમિયાન ૧૬ જેટલી બાયો કંપનીઓ ચર્ચામાં ભાગ લેશે. જ્યારે ૧૦૦ થી વધુ કંપની ભાગીદારી નોંધાવશે. આ ઉપરાંત રાજ્ય બહારથી ૫૦ ઉપરાંત સાહસિકો તેમજ સંશોધકો, શિક્ષણવિદો પણ કાર્યક્રમમાં હાજર રહેશે. આ આંતરરાષ્ટ્રીય બાયો ઈન્વેસ્ટમાં ૪૦૦ જેટલા ખાનગી મૂડી રોકાણકારો પણ ભાગ લેશે. આ દરમિયાન ગુજરાત બાયોટેકનોલોજી મિશન દ્વારા તૈયાર કરાયેલા વિવિધ ૪ પ્રકાશનો પણ ખુલ્લા મુકવામાં આવશે. જેમાં બાયોટેકનોલોજી ઓર્ગેનાઈઝેશન ઈન ગુજરાત બાયો ટેકનોલોજી ઈન્ડસ્ટ્રી લાઈફ સાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઈન ગુજરાતનો સમાવેશ થાય છે.

# ડ્યુટી પર ગુલ્લી મારનાર બે પોલીસકર્મી સસ્પેન્ડ

## ચ-૦ પર લોકરક્ષક અને સે. ૩૦ સર્કલે એએસઆઈ વાહનચેકીંગમાં ન દેખાતા ડીવાયએસપીએ રીપોર્ટ કર્યો

ગાંધીનગર, તા. ૩

વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગરમાં સુરક્ષા અને સલામતી વ્યવસ્થામાં સ્હેજ પણ ખામી ન રહે તેવા પ્રયાસોના ભાગરૂપે ક્રોસ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. ગઈકાલે પોલીસને વાહનચેકીંગના પોઈન્ટ આપવામાં આવ્યા હતા અને ડીવાયએસપીએ સાંજે ચેકીંગ કર્યુ હતું. બે પોલીસ જવાનો પોઈન્ટના સ્થળે ડ્યુટી પર હાજર ન હોવાનું ધ્યાને આવતા ડીવાયએસપીએ રીપોર્ટ કર્યો હતો. જેને પગલે ડીએસપીએ ગુલ્લી મારનાર બન્ને પોલીસને સસ્પેન્ડ કર્યા છે.

ગાંધીનગર ડીવાયએસપીએ ગઈ સાંજે ગાંધીનગરના વિવિધ પ્રવેશદ્વારો તથા સર્કલો પર વાહનચેકીંગ પોઈન્ટ પર મુકેલા પોલીસ કર્મચારીઓ ચેકીંગ કરે છે કે કેમ ? તેનું આકસ્મિક ચેકીંગ કર્યુ હતું. જેમાં ધ્યાને આવ્યું કે સે. ૩૦ સર્કલ પર એએસઆઈ શામળભાઈ મુળજીભાઈ અને ચ-૦ સર્કલ પર લોકરક્ષક સુનિલકુમાર અરવિંદભાઈને વાહનચેકીંગ પોઈન્ટ આપવામાં આવ્યા હતા ને ડ્યુટી પર હાજર જ ન હતા. ડ્યુટીમાં ગુલ્લી મારીને ફરતાં આ બન્ને પોલીસ કર્મીઓ એએસઆઈ અને લોકરક્ષક સામે ડીવાયએસપીએ ડીએસપીને રીપોર્ટ કરતાં ડીએસપી શરદ સિંઘલે બન્ને પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કર્યા છે. ડીએસપીના આ કડક નિર્ણયને પગલે જિલ્લાના અન્ય ગુલ્લીબાજ પોલીસ પણ ફફડી ઉઠી છે.

# રાત્રીના સમયે ભયજનક સ્પીડે દોડતા ભારે વાહનોથી ચ-માર્ગના રહીશો ત્રસ્ત

## ચ-માર્ગ પર સ્પીડ બ્રેકર્સ ના હોવાથી ટ્રકચાલકો બેફામ : કાન ફાડી નાંખે તેવા ચિચિયારીઓ પાડતા હોર્નના અવાજો રાતભર ગુંજે છે : દિવસે ટુવ્હીલર ચાલકોને દંડતી પોલીસની રાત્રે સૂચક ગેરહાજરીથી ડ્રાયવરોને છૂટોદોર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના મુખ્યમાર્ગ પૈકીના એક 'ચ' માર્ગ પર રાત્રીના સમયે ભારે વજનવાળા વાહનો જેવા કે ટ્રક, ટ્રેલર અને કન્ટેનરોના બેફામ ડ્રાઈવીંગ અને અતિ તીવ્ર અવાજવાળા હોર્નને કારણે આ રોડની બંને તરફ રહેતા રહીશોને ભારે મુશ્કેલી સહન કરવી પડી રહી છે. 'ચ' રોડ પર સ્પીડબ્રેકર્સ ના હોવાને કારણે મોડી રાત્રે બેફામ બનતા આ વાહનચાલકોને કારણે અકસ્માતનો ભય ઉભો થવા પામ્યો છે. પરંતુ દિવસભર ટ્રાફિક ડ્રાઈવના નામે માત્ર ટુવ્હીલર ચાલકોને દંડવામાં વ્યસ્ત પોલીસ આ બાબતે આંખ મિચામણા કરી રહી છે. અવારનવાર આ રોડ પર મોટા વાહનો સર્કલમાં ઘુસી જવાના બનાવો સહિત નાના મોટા અકસ્માતો થવા પામ્યા છે. પરંતુ આ વાહનચાલકોને નિયંત્રણમાં લેવા કોઈ પગલાં ભરાતા નથી.

ચ-માર્ગ પર ચ-૭ સર્કલથી લઈને ચ-૫ સર્કલ સુધીના વિસ્તારમાં માર્ગની ખુબ જ નજીક રહેઠાણો આવેલા છે. આ જ સ્થિતિ ચ-૩ થી ચ-૦ સુધીના વિસ્તારની પણ છે. અગાઉ વીઆઈપી સુરક્ષા મામલે આ માર્ગ પરથી તમામ સ્પીડબ્રેકર્સ હટાવી લેવાયા છે. જેના કારણે રાત્રે ૯.૦૦ વાગ્યા પછી આ રોડ જ્યારે ભારે વાહનો માટે ખુલ્લો કરાય છે ત્યારે અકસ્માતનો ભય વધી જવા પામે છે. રાત્રીના સમયે ચાલવા નીકળેલા નાગરિકો, નોકરી-ધંધેથી પરત ફરી રહેલા અથવા નાટક કે સિનેમા જોઈને મોડી રાત્રે ઘરે પરત ફરી રહેલા રહીશો આ તેજ ગતિએ માંતેલા સાંઢની માફક દોડતા ટ્રકો અને ભારે કન્ટેનરોના કારણે ભયભીત થઈ જવા પામે છે. આટલુ જ નહી પરંતુ આ વિસ્તારના નાગરિકો તો આ ભારે વાહનોના અત્યંત તીવ્ર અવાજે ચિચિયારીઓ પાડતા હોર્નને કારણે ખૂબ મુશ્કેલી અનુભવે છે. રાત્રીના સુનકારમાં આ તીવ્ર હોર્ન જે મોટે ભાગે નિયત ધારાધોરણ કરતા ખૂબ વધુ ડેસીબલ ધરાવતા હોવાથી ખૂબ મોટો અવાજ પેદા કરે છે. જેના કારણે સે. ૨૯, ૩૦, ૨૨, ૨૧, ૭, ૮, ૧ અને ૨ ના ચ-રોડ નજીક રહેતા નાગરિકોની ઉંઘ હરામ થઈ જવા પામી છે. વળી, આ ભારે વાહનો તેમની બેફામ ગતિના કારણે અનેકવાર ટ્રકો સર્કલમાં ઘુસી જવાના સહિત નાના મોટા અકસ્માતો પણ સર્જાયેલા છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આ ટ્રકચાલકોને નિયંત્રિત કરવા આ રોડ પર રાત્રે ટ્રાફિક પોલીસની હાજરી હોતી નથી જેથી આ ચાલકોને બેફામ ગતિએ વાહન હંકારવાનો જાણે પરવાનો મળી જાય છે. દિવસ દરમ્યાન ટ્રાફિક ડ્રાઈવના નામે સ્કૂટર-

● અનુસંધાન પાન-૭ પર

# મેટ્રો રેલના કૌભાંડનો રેલો ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચે તેવી શકયતા

## તપાસનીશ અધિકારીએ ઝીણવટભરી તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૩

સરકારનાં સાહસ મેગા કંપનીની મેટ્રો રેલ શરુ કરાય તે પહેલા જ તેમાં મસ મોટું કરોડોનું કૌભાંડ બહાર આવી ગયુંછે. ત્યારે આ પ્રકરણમાં કન્સ્ટ્રકશન મેનેજર સામે રૂ. ૨.૬૨ કરોડના કૌભાંડની પોલિસ ફરિયાદ નોંધાતા ડીવાયએસપીએ તપાસ શરુ કરી છે. તપાસનો રેલો છેક ઉચ્ચ અધિકારીઓ સુધી જાય તેવી શકયતાઓને પ્રાથમિક તબક્કે પણ નકારી શકાય તેમ નથી. પોલીસે આ ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મેટ્રો રેલના મુખ્ય વહીવટી અધિકારી રાજેશ મહેતાએ સે-૭ પોલીસ મથકમાં સિનિયર કન્સ્ટ્રકશન મેનેજર રાધેશ ભટ્ટ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં સત્તાનો દુરુપયોગ કરીને ૬૦૩ ટન સ્ટીલના સળીયા સાઈટ પર નહીં આવ્યા હોવા છતાં માલ આપ્યો હોવાના ખોટા સર્ટી બનાવી રૂ. ૨.૬૨ કરોડની ઉચાપત કરી હોવાનો ઉલ્લેખ છે. આટલી મોટી રકમની ઉચાપત પાછળ ઉપરી અધિકારીઓનો પણ હાથ હોય તેવી શકયતાઓને પગલે પોલીસ તે દિશામાં પણ તપાસ કરશે અને બિલ પાસ કેવી રીતે થયા તે બાબતથી માંડીને સાઈનીંગ ઓથોરીટી સુધીના અધિકારીઓની તપાસ કરવામાં આવશે. ડીવાયએસપી જેઠવાએ આ કૌભાંડની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

કચરા પેટીનું રંગરોગાન - ગાંધીનગરનો નવો અવતાર થઈ રહ્યાની અનુભૂતિ સમગ્ર વાતાવરણમાં છે... ત્યારે કચરા પેટી પણ શા માટે બાકાત રહે...? કટાઈ ગયેલી, નંખાઈ ગયેલી, ભંગાર બનેલી કચરા પેટીઓને શોધી શોધીને રંગરોગાન કરાઈ રહ્યા છે... કચરાનું ઘર હવે નવું બનતા કચરાને પણ રહેવાનું ગમશે...

# જિલ્લાની ડીવાયએસપીની ચાર ખાલી જગ્યાઓ ભરાઈ

## એસ.સી., એસ.ટી. સેલમાં એ.બી. વાટલીયા, પ્રોટેકશન બ્રાન્ચમાં એચ.એમ. જાડેજા અને વીઆઈપી સિકયુરીટીમાં જી.એચ. ડૈરૈયાને પોસ્ટીંગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા લાંબા સમયથી ડીવાયએસપીની જગ્યાઓ ખાલી પડી હતી. અત્યાર સુધી ચાર્જમાં ચાલતી આ જગ્યાઓ પર વાઈબ્રન્ટને પગલે હવે પોસ્ટીંગ આપી જગ્યા ભરી દેવામાં આવી છે. ત્રણ ડીવાયએસપીની બદલી અને એક પી.આઈ. ને ડીવાયએસપી તરીકે બઢતી આપીને ચારેય ડીવાયએસપીને ગાંધીનગર જિલ્લામાં પોસ્ટીંગના આદેશ ગૃહ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યા છે.

ગૃહ વિભાગ દ્વારા રાજય પોલીસ વિભાગમાં નાયબ પોલિસ અધિક્ષકની જગ્યા પર ફરજ બજાવતા ત્રણ અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરવામાં આવી છે. જેમાં પાટણ જિલ્લાના રાધનપુર એસ.પી. કરણરાજ બી. વાઘેલાને ગાંધીનગર એસ.પી. તરીકે, છોટા ઉદેપુર વિભાગીય પોલીસ અધિકારી એચ.એમ. જાડેજાને ગાંધીનગરમાં પ્રોટકશન બ્રાન્ચનાં નાયબ પોલીસ અધિક્ષક તરીકે અને સુરત શહેરનાં ટ્રાફીક એસપી જી.એચ. ડેરૈયાને વીઆઈપી સીકયુરીટી ડીવાયએસપી તરીકે ગાંધીનગરમાં ખાલી જગ્યા ઉપર નિયુકત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત સાબરકાંઠા જિલ્લામાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા એ.બી. વાટલીયાને ડીવાયએસપી તરીકે પ્રમોશન આપી ગાંધીનગર એસ.સી., એસ.ટી. સેલમાં નિમણુંક આપવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ પહેલા ચારેય મહત્વની ખાલી પડેલી ગાંધીનગર જિલ્લાની ડીવાયએસપીની જગ્યાઓ ભરાઈ જવા પામી છે.

# આગામી વાર્ષિક યોજના ઘડવા બેઠકોનો ધમધમાટ

## વાર્ષિક યોજનાના કદમાં સાત ટકાનો વધારો કરાશે

ગાંધીનગર, તા. ૩

રાજ્યની આગામી વર્ષની વાર્ષિક યોજનાના ઘડતર માટે વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. વાર્ષિક યોજનાના કદમાં અંદાજે સાત થી દસ ટકાનો વધારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજ્યના આયોજન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યનું આગામી વર્ષનું અંદાજપત્ર સત્ર આગામી ફેબ્રુઆરી-૨૦૧૫ ના ત્રીજા સપ્તાહથી શરૂ થાય તેવી શક્યતા છે. આથી રાજ્યના નાણા વિભાગ દ્વારા અંદાજપત્ર તૈયાર કરવાની તૈયારી આરંભી છે તેની સાથે રાજ્યના આયોજન પ્રભાગે પણ રાજ્યની આગામી વર્ષની વાર્ષિક યોજનાના ઘડતર માટેની કવાયત શરૂ કરી છે.

આયોજન અને નાણામંત્રીના અધ્યક્ષસ્થાને વિભાગોના અધિકારીઓ સાથે બેઠકોનો ધમધમાટ શરૂ થવા પામ્યો છે. આ બેઠકમાં વિભાગો દ્વારા તેમના વિભાગને લગતી ચાલુ યોજનાઓ અને નવી યોજનાઓની દરખાસ્તો રજુ કરવામાં આવે છે. આ ઉપરાંત ચાલુ વર્ષે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી વર્ષ દરમ્યાન કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી અને કેટલી ગ્રાન્ટ વણ વપરાયેલી રહી છે તે અંગેની તેમજ યોજનાઓ ચાલુ રાખવા અંગેની વિગતો રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો દ્વારા રજુ કરવામાં આવેલી નવી યોજનાઓની દરખાસ્તોની સમીક્ષા કરવામાં આવશે અને ત્યારબાદ જરૂરીયાતવાળી યોજનાઓની દરખાસ્તોને મંજુરી આપવામાં આવશે. વિભાગો સાથે બેઠકોનો દોર પૂર્ણ થયા બાદ નાણા વિભાગ સાથે આયોજન વિભાગના અધિકારીઓની બેઠક યોજાશે.



**બેસણું**

અમારા નાનાભાઈ **સ્વ. મનોજભાઈ જયસુખરાય પંડ્યા-ચક્ષુદાતા** (નાગરીક પુરવઠા નિગમ લી.)નું તા.૩-૧૨-૨૦૧૪ને રોજ આકસ્મિક અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૪-૧૨-૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર**

વિક્રમભાઈ જયસુખરાય પંડ્યા (ભાઈ) — રક્ષાબેન વિક્રમભાઈ પંડ્યા (ભાભી)
વિક્રાન્તભાઈ વિક્રમભાઈ પંડ્યા (ભત્રીજા) — ખુશાલી વિક્રાંત પંડ્યા
મૌલિક અતુલભાઈ પંડ્યા (ભત્રીજા) — વનલતાબેન અતુલભાઈ પંડ્યા
હેમાંગીની મનોજ પંડ્યા (પત્ની) — શિવાંગી મનોજ પંડ્યા (પુત્રી)

નિવાસસ્થાન- પ્લોટ નં.૪૭૬/એ૧, સે.-૮, ગોકુલ સોસાયટી, ગાંધીનગર
ફર્મ :- મહાલક્ષ્મી મંડપ ડેકોરેટર્સ, મહાલક્ષ્મી ફોટો વિઝન - ૯૯૨૫૪ ૩૦૯૯૫

રૂ. ૧૨૦માં - સ્વિટ-૧, શાક-૨, દાળ-ભાત, પૂરી, પાપડ, સલાડ, મીનરલ વૉટર સાથે ૧૦૦ ડીશ ઉપર ઓર્ડર આવકાર્ય
પ્રો. ચિન્ટુ કુન્દનલાલ પટેલ મો. : ૯૯૨૫૪ ૬૬૪૯૦ મો. : ૯૮૨૫૭ ૧૯૯૮૬ મો. : ૮૭૩૪૯ ૭૧૯૩૩
જયઅંબે કેટરર્સ
દરેક શુભ તથા લગ્ન પ્રસંગે ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, ફાસ્ટફુડ અને દિલ્હીચાટની ફુલ ડીશ તથા લેબર કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો.
પ્લોટ નં. ૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com